# શેઠ. ચી. ન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ

## પ્રથમ કસોટી - 2013

## ધોરણ - 12

## વા. વ્યવસ્થા

તારીખ : 23-9-2013 | સમય : 3 કલાક

સોમવાર | કુલગુણ : 100

---

### વિભાગ - A

પ્રશ્ન 1 થી 10 બહુવિકલ્પ પ્રકારનાં પ્રશ્નો છે. આપેલ ચાર વિકલ્પમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (દરેકનો 1 ગુણ) (10)

1. સંચાલન અને વહીવટની પ્રવૃત્તિ પરસ્પર કેવી પ્રવૃત્તિ છે ?
   (a) સમકક્ષ (b) પૂરક (c) વિરોધી (d) તૂટક

2. કાર્ય વિરામ કેવી રીતે, કયા પ્રકારનો, કયારે, કેટલા સમયનો આપવો તેનો અભ્યાસ __________
   (a) થાક નિરીક્ષણમાં થાય છે. (b) વિરામ નિરીક્ષણમાં થાય છે
   (c) વેતન નિરીક્ષણમાં થાય છે. (d) ગતિ નિરીક્ષણમાં થાય છે

3. નીચેનામાંથી કોને આયોજનનું એક ઘટક કહી શકાય છે ?
   (a) અંકુશ (b) પ્રક્રિયા (c) નિયમો (d) નેતૃત્વ

4. રૈખિક વ્યવસ્થાતંત્રના સમગ્ર એકમને __________
   (a) જુદા જુદા વિભાગોમાં વહેંચવા જરૂરી નથી.
   (b) જુદા જુદા વિભાગો સાથે લેવા દેવા નથી.
   (c) જુદા જુદા વિભાગોમાં રાખવામાં આવે છે.
   (d) એક જ વિભાગમાં રાખવામાં આવે છે.

5. અધિકારીઓ સત્તાની સોંપણી ત્યારે જ કરે જ્યારે __________
   (a) કર્મચારી સમજદાર હોય (b) કર્મચારીઓ ઓળખાણવાળા હોય
   (c) અધિકારીમાં કૌશલ્ય અને બુધ્ધિશક્તિ હોય (d) પ્રત્યક્ષ દેખરેખ મુશ્કેલ હોય

6. કર્મચારી વ્યવસ્થાએ સંચાલનનું __________
   (a) સંચાલકીય કાર્ય છે (b) વ્યવસ્થાકીય કાર્ય છે
   (c) વહીવટી કાર્ય છે (d) મુશ્કેલ કાર્ય છે

7. કર્મચારી વ્યવસ્થાને એકમના કયા અંગ સાથે સરખાવી શકાય છે ?
   (a) હાથ-પગ (b) રક્ત (c) મગજ (d) હૃદય

8. કર્મચારીઓની જરૂરિયાતોનો અંદાજ કેવી રીતે મેળવી શકાય ?
   (a) રોજગાર વિનિમય સંસ્થા ધ્વારા (b) કાર્ય વિશ્લેષણ ધ્વારા
   (c) માનવ સંસાધન સંચાલન ધ્વારા (d) માનવશક્તિ આયોજન ધ્વારા

9. બઢતી માટેનાં ધોરણો કેટલાં છે ?
   (a) બે (b) ત્રણ (c) ચાર (d) અનેક

10. યંત્ર વિન્યાસ કામગીરી ____________

(a) જનરલ મેનેજર કરે છે

(b) પ્લાન્ટ મેનેજર કરે છે

(c) વિન્યાસ સનિતિ કરે છે

(d) જોબર કરે છે

## વિભાગ - B

**પ્રશ્ન 11 થી 20 અતિ ટૂંકજવાબી પ્રશ્નો છે. તેનો જવાબ 1 થી 10 શબ્દોની મર્યાદામાં આપો. (દરેકનો 1 ગુણ છે.)** **(10)**

11. અરજીપત્રક કેવું હોવું જોઈએ ?
12. સંજ્ઞા સમજાવો = બદલી.
13. તાલીમને કારણે કર્મચારીને શો લાભ થાય છે ?
14. વિસ્તૃત રૂપ આપો. - HRD
15. સત્તા એટલે શું ?
16. યોજનાના મૂલ્યાંકનનાં તબક્કાવાર આગળ વધીએ ત્યારે કયો સિધ્ધાંત અપનાવવો પડે ?
17. વિસ્તૃત રૂપ આપો - O.R
18. શ્રી ટેલરના મતે કાર્ય વિશ્લેષણમાં કઈ બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે ?
19. અહેવાલ લેખનની સમજ આપો.
20. સંચાલનના કાર્યો કોને અનુસરે છે ?

## વિભાગ - C

**પ્રશ્ન 21 થી 35 ટૂંકજવાબી પ્રશ્નો છે. તેનો જવાબ 30 શબ્દોની મર્યાદામાં આપો. (દરેકના 2 ગુણ છે.)** **(30)**

21. સંચાલન અને કળાના લક્ષણોની સમાનતા બનાવતા મુદ્દાના નામ આપો.
22. સંચાલન અને વહીવટના અભિપ્રાયોમાંનો પ્રથમ અને ત્રીજો અભિપ્રાય જણાવો.
23. સંકલનની સપાટી અનુસાર મધ્ય સપાટીના ચાર કાર્યો જણાવો.
24. ડ્રકરની સંચાલનની વ્યાખ્યા આપો.
25. આયોજનમાં શા માટે અનુમાનો જરૂરી છે ? તેનું મહત્વ સ્વીકારી ભારત સરકારે શેની રચના કરી છે ?
26. અંદાજપત્ર પ્રક્રિયાના તબક્કા ના નામ આપો.
27. રૈખિક વ્યવસ્થાતંત્ર કેવા પ્રકારના એકમ કામગીરીમાં વધુ અનુકૂળ છે ? ચાર મુદ્દા જણાવો.
28. સમિતિ વ્યવસ્થાતંત્રની કોઈપણ ચાર મર્યાદાઓ જણાવો.
29. કેન્દ્રીકરણ અપનાવવાથી થતા ચાર ગેરલાભ કયા કયા છે ?
30. વિકેન્દ્રીકરણથી થતા છ લાભોની યાદી આપો.
31. કાર્યસ્થળે તાલીમની સમજ આપો.
32. બુધ્ધિકસોટીમાં ઉમેદવારની કઈ કસોટીઓ લેવાય છે ?
33. ટેલરના સિધ્ધાંત અનુસાર અમુક જગ્યાએ થયેલ વિરોધ અનુસાર મેનેજરો અને કામદારોની દલીલ જણાવો.

    અથવા

    પ્રમાણીકરણ કઈ કઈ બાબતો માટે જરૂરી છે ?
34. અપકર્ષ એટલે શું ? કોઈ પણ બે કારણો આપો.

    અથવા

    કર્મચારી વ્યવસ્થાનાં ચાર લક્ષણોના નામ આપો.

35. બજાર સંચાલનમાં ક્યા નવા ખ્યાલો પોતાનુ સ્થાન જમાવતા ગયા છે ?

અથવા

બજાર સંચાલનમાં કિંમત અંગેના નિર્ણયોમાં સમાવેશ થતી બાબતોની યાદી આપો.

## વિભાગ - D

**પ્રશ્ન 36 થી 45 ટૂંક જવાબી પ્રશ્નો છે. તેનો જવાબ 50 શબ્દોની મર્યાદામાં આપો. (દરેકના 3 ગુણ છે.)** (30)

36. સંચાલન પ્રક્રિયા આકૃતિ દોરી સમજાવો.

37. સંચાલન અને વહીવટના તફાવતના છ મુદ્દા આપો.

38. નીચેના સિધ્ધાંતો સમજાવે.

- હુકમની એકવાકયતાનો સિધ્ધાંત
- કાર્ય વિભાજનનો સિધ્ધાંત

39. સત્તા સોંપણીના મૂળતત્વો વિગતે સમજાવો.

40. "સત્તા સોંપણી અને વિકેન્દ્રીકરણ વચ્ચે પાતળી ભેદરેખા છે" વિધાન સમજાવો.

41. બઢતીની વ્યાખ્યા આપી કર્મચારી ઉપર થતી અસરો જણાવો.

42. નાણાકીય સંચાલનનું કાર્યક્ષેત્ર વર્ણવો.

43. આયોજનના લક્ષણોની ટૂંક સમજ આપો.

અથવા

અંદાજપત્રા ના લાભોની યાદી આપો.

44. રૈખિક વ્યવસ્થાતંત્ર અને કાર્યાનુસાર વ્યવસ્થાતંત્ર ના તફાવતના છ મુદ્દા આપો.

અથવા

ટૂંકનોંધ : અવૈધિક વ્યવસ્થાતંત્ર

45. તાલીમ અને વિકાસ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.

અથવા

ટૂંકનોંધ : વેસ્ટિબ્યૂલ તાલીમ

## વિભાગ - E

**પ્રશ્ન : 46 થી 49 વિસ્તૃત જવાબી પ્રશ્નો છે. તેનો જવાબ 100 શબ્દોની મર્યાદામાં આપો. (દરેકના પાંચ ગુણ છે.)** (20)

46. સંચાલનના સિધ્ધાંતોની વ્યાખ્યા આપી તેનુ મહત્વ વિગતે ચર્ચો.

47. વ્યવસ્થાતંત્રની રચના અંગેના તબક્કા વિગતે સમજાવો.

48. આયોજનની મર્યાદાઓની ચર્ચા કરો.

અથવા

આયોજનના તબકકા વર્ણવો.

49. ભરતી માટેના વિશાળ અર્થની વ્યાખ્યા આપી આંતરિક પ્રાપ્તિસ્થાનોની વિગતે માહિતી આપો.

અથવા

પસંદગીની વિધિ વિગતવાર જણાવો.